# સુરત મહાનગરપાલિકા

## નગર રચના યોજના, સુરત નં.:૮૨ (ડુમસ)

## જાહેર સુચના

આથી જાહેર જનતાને જણાવવાનું કે, સુરત મહાનગરપાલિકાએ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧ (૧) અન્વયે નગર રચના યોજના, સુરત નં.: ૮૨ (ડુમસ) તૈયાર કરવાનો ઇરાદો નગર નિયોજન સમિતિએ તેના તા.૨૩/૧૨/૨૦૦૮ના ઠરાવ નં.: ૬૪/૨૦૦૮થી જાહેર કરેલ છે.

આથી સદર યોજનાઓના વિસ્તારમાં સમાવિષ્ટ થતી જમીનોમાં જમીન માલિકો/હિતસંબંધ ધરાવતી વ્યકિતઓની ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમ-૧૯૭૯માં નિયમ-૧૭ હેઠળની જોગવાઇ અનુસાર એક સભા સુરત મહાનગરપાલિકામાં નીચે જણાવેલ દિવસે, સમયે તથા સ્થળે રાખવામાં આવી છે. જેમાં યોજનાની સઘળી દરખાસ્તો અંગે સમજુતી આપવામાં આવશે તેમજ જમીન માલિકો/હિતસંબંધ ધરાવતા વ્યકિતઓ મારફત આ દરખાસ્ત અંગે જે કોઇ સુચનો કે વાંધાઓ રજુ કરવામાં આવશે તે પત્ર યોગ્ય જણાયે ધ્યાને લેવામાં આવશે. આ સભામાં હાજર રહેવા માટે હિત ધરાવનારી દરેક વ્યકિતને કે જેઓના સરનામાની જાણકારી સુરત મહાનગરપાલિકાને છે તેઓને વ્યકિતગત નોટીસ આપવામાં આવી રહી છે છતાં આ જાહેર સુચનાથી મજકુર નગર રચના યોજના, સુરત નં.: ૮૨ (ડુમસ)ના સમાવિષ્ટ જમીનોના માલિકોને હિત ધરાવનારી વ્યકિતઓને નીચે જણાવેલ દિવસે, સમયે તથા સ્થળે હાજર રહેવા વિનંતી છે.

**નગર રચના યોજના, સુરત નં.: ૮૨ (ડુમસ):-**

**મોજે: ડુમસ સર્વે નં.:** ૧ થી ૪, ૧૧/પૈકી, ૧૦૪, ૫૮૯ થી ૬૩૬, ૭૩૪ થી ૭૭૦, ૭૯૪ થી ૮૦૦, ૮૧૭, ૯૦૫ થી ૯૧૧, ૯૧૪ થી ૯૨૪, ૯૨૫, ૯૨૬ થી ૯૩૫, ૯૩૭, ૯૩૮ થી ૧૦૦૫, ૧૦૦૭

તારીખ: ૧૭/૦૮/૨૦૦૯

સમય: ૧૦.૩૦ કલાકે

સ્થળ: ગાંધીખંડ, મુખ્ય કચેરી, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત.

નં. પીઆરઓ/૧૪૮/૨૦૦૯-૧૦ — નગર નિયોજક

તા.૬/૮/૦૯ — સુરત મહાનગરપાલિકા